સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

(રજત જયંતી વર્ષ)

હંમેશા સંસદનાં સત્ર તોફાની જ હોય છે!
'ખાધા-પીધા' પછીય વર્તન ખેપાની જ હોય છે!
ગોપનીય ગોઠવણ હોય છે પક્ષોમાં નાટકીય -
પૂર્વે નક્કી કરેલા ઠરાવોની થોપલી જ હોય છે!

હાઈકુ

રહેતું નથી
વ્યક્તિ-સ્વાતંત્ર્ય આ
લોકશાહીમાં
(ટેલીફોન ટેપીંગ)

કૂદતા રહો!
રહે હાથ બાંધેલા -
સત્તાના ખીલે!
('સહકાર' મંત્રાલય શરૂ)

ચિંતન

ઉત્સકથ્યાડઅવ ગુદં દેહિ સમંજિ ચાર્યા વૃષન ।
ય સ્ત્રીણાં જીવ ભોજનઃ ॥

ઉપરોક્ત શ્લોક યજુર્વેદમાંથી લેવામાં આવેલ છે.

જે સ્ત્રી અથવા પુરુષ વિષય સેવન દ્વારા વ્યભિચારને વધારે છે તેમને કઠોર શિક્ષા કરવી જોઈએ. માંસ સેવન કરનારા પણ શિક્ષાથી વંચિત રહેવા ન જોઈએ, એ સમાજના ગુનેગાર છે.

દુષ્કર્મો, દુરાચારો અને વ્યસનોમાં સપડાયેલા માણસ પોતાના પતનનું કારણ તો બને જ છે, પણ સાથે સાથે સમાજ પ્રત્યે પણ ઘોર અપરાધ કરે છે. તેના કારણે સમાજમાં અરાજકતા અને અશાંતિ ફેલાય છે અને કેટલાય જીવન ઉપર પણ તેનો ખરાબ પ્રભાવ પડે છે.

મહાભારતના આદિપર્વમાં પણ સ્પષ્ટ કહેવાયું છે કે કોઈ પણ પ્રાણીને ન મારવું એ જ પરમ ધર્મ છે. અહિંસાથી શ્રેષ્ઠ બીજો કોઈ ધર્મ નથી. માંસાહાર જીવ-જગત પ્રત્યે અપરાધ છે. એ મનુષ્યને જંગલી અને અશિષ્ટ બનાવે છે અને બુદ્ધિને મલિન કરી નાખે છે. માંસાહારથી મનુષ્યના હૃદયમાંથી દયાનો ભાવ નષ્ટ થઈ જાય છે. તે તેની શારીરિક, આત્મિક, માનસિક તથા બૌદ્ધિક ઉન્નતિને અટકાવીને તેને દુર્ગતિ તરફ લઈ જાય છે.

સુવિચાર

- દીવાલ (ચીનની) રહી જાય છે અને દીવાલ બનાવનારા ચાલ્યા જાય છે - **ચીનની કહેવત**
- દુનિયા કા સબકે અચ્છા ગહના હૈ 'પરિશ્રમ' ઔર
  સબસે અચ્છા જીવનસાથી હૈ 'આત્મવિશ્વાસ' - **જીવનપાથેય**
- પૈસાદાર કે ગરીબ નહીં, કેવળ પ્રભાવશાળી જ સફળ થાય છે - **સ્વેટ માર્ડન**
- તાડની નીચે દૂધ પણ પીતા રહો તો લોકો સમજશે કે તાડી પીએ છે - **તેલુગુ કહેવત**
- કર્મની વાત કરો, શબ્દોનો સમય નીકળી ગયો છે - **લિંકન**
- સાચું બોલનારને જૂઠની ખબર ન હોય એવું બની શકે,
  પણ જૂઠું બોલનારને સો ટકા સત્યની ખબર હોવી જોઈએ - **ચંદ્રકાન્ત બક્ષી**
- આજનું ઔષધ : બાળકને જો કઠણ મળ થાય તો આકડાના પાન બાફીને પેટ પર મૂકવાથી રાહત થાય છે.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

એક સંતના સત્સંગ દરમિયાન બેઠેલા શેઠે પાસેની જમીન પર ઉગેલું ઘાસ તોડીને જાણે સમય પસાર કરી રહ્યા હતા. એક બાજુ શાસ્ત્રો-પુરાણોની વાત ચાલી રહી હતી. અને શેઠ તણખલા તોડતાં હતા. સંતથી આવી હરકત સહન ન થતા તેમણે પેલા શેઠને કહ્યું 'મહેરબાની કરીને આપ અહીંથી ચાલ્યા જાઓ.' શેઠ પૈસાદાર હતા. એન એમને અચાનક સભામાંથી કાઢી મૂકવાનું કારણ એમના શિષ્યને સમજાયું નહીં. શેઠ પણ ચૂપચાપ ત્યાંથી નીકળી ગયા અને તેમના શિષ્યે પૂછ્યું. 'આપ સંત છો પણ આમ અચાનક નારાજ કેમ થયાં શેઠે શો અપરાધ કર્યો હતો?' સંતે જવાબ આપતા કહ્યું, 'આપ સૌએ જોયું હશે કે શેઠ બેઠા-બેઠા ઘાંસનાં તણખલાં તોડતા હતા. આ ઘાસને ઘાસ બકરા-ઘેટાં વગેરે ખાય, એનું તેના શરીરમાં દૂધ થાય, એ દૂધ ગરીબના બાળકો પીવે એટલે એમને પોષણ મળે, પોષણ મળે એટલે બુદ્ધિ તેજ થાય. બુદ્ધિ તેજ થાય તો સારું ભણે. સારું ભણે એટલે સારી નોકરી મળે, નોકરી સારી મળે તો તેમની આર્થિક સ્થિતિ સારી થાય. સારી આવક થાય તો પરિવાર ને સુખી કરે.... એક ઘાસનાં તણખલામાં કેટલું બધું થાય...!!' એક તણખલામાં શેઠને નથી દેખાતું એટલું મને દેખાય છે. સાર એ છે કે એક તણખલામાં પણ જે આપણાથી અનેક ગણું જોઈ શકે તે સદ્‌ગુરુ... જે સતત અજવાળામાં રહેતો હોય અને આપણને પણ અજવાળાંમાં રાખે તે સદ્‌ગુરુ.... જેની વાણીમાં સત્ય હોય, જેનામાં કોઈ માટે ભેદ નહોય અને જેને જીવ માત્ર તરફ પ્રેમ હોય તે સદ્‌ગુરુ.

ગુરુ બિન જ્ઞાન કહાં તે પાઉં...

તંત્રીસ્થાનેથી...

ફિલ્મ 'બૈજુ બાવરા'નું માલકૌંશમાં ગવાયેલું એ અદ્‌ભૂત ગીત દાયકાઓ વીતી ગયા પછી આપણને ધ્યાનપૂર્વક સાંભળવું, ગણગણવું અને ઘડીભર એ ઉદાત્ત ક્ષણોમાં લીન થઈ જવાનું ગમે છે. શું એ કેવળ શબ્દ અને સંગીતની કરામતને લીધે ? કે પછી આપણામાં અંતનિર્હિત 'ગુરુ' પ્રત્યેની વારસામાં મળેલી ભક્તિને કારણે ? 'ગુરુ' શબ્દ છેલ્લા કેટલાક વખતથી ચવાઈને ચૂંથાઈ ગયો છે અને ક્યાંક તો એનો કટાક્ષમય સંદર્ભ પણ વધુ પ્રચલિત બન્યો છે. પરંતુ ભારતીય જનમાનસમાં ગમે તેવા ઝંઝાવાતો વચ્ચે પણ 'ગુરુ'નું મહાત્મય ટકવાનું છે. સદીઓથી એની સામે પડકારો આવતા રહ્યા છે, એથી વિષાદ પણ સરજાયો છે, પરંતુ સોનું તો ઉકરડે દટાયું હોય તોય સોનું જ રહે છે. ગુરુ મહિમાના આજના પવિત્ર પર્વે આપણે આદિગુરુ દેવાદિદેવ સદાશિવ ભોલે ભંડારીથી લઈ આજના આપણા વિવિધ સ્વરુપે વ્યક્ત થતા રહેતા ગુરુગણની વંદના કરીએ. શંકરાચાર્યને જગદગુરુનું પદ અપાયું છે પરંતુ એથી ઘણું વહેલું એ સન્માન ભગવાન શ્રીકૃષ્ણને પ્રાપ્ત થયું હતું. 'કૃષ્ણં વંદે જગદ્‌ગુરુમ્' - તો આ ગુરુપદ શું છે કે જેને આદિઅનાદિથી માનવી આદરપૂર્વક પૂજતો રહ્યો છે? અંધકારમાંથી પ્રકાશમાં - અજ્ઞાનમાંથી જ્ઞાનલોકમાં લઈ જાય તે ગુરુ. આપણી સંસ્કૃતિમાં ગુરુને બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વરની તોલે મૂકવામાં આવેલ છે અને માત્ર ભારતીય સંસ્કૃતિમાં જ નહીં, ઈસ્લામ અને ખ્રિસ્તી ધર્મમાં પણ એનો એટલો જ મહિમા છે. સોક્રેટિસ એના સમયના ગ્રીસનો ગુરુ હતો, એરિસ્ટોટલ ગુરુ હતો અને સિકંદર જેવા વિશ્વવિજેતાની આસ્થાનું ભાજન હતો. ઈસુ પોતાને ઈશ્વરપુત્ર કહે છે - એ પણ મહાગુરુ છે. નબી મોહંમદ પયગંબર તો પયગામ લઈને આવ્યા છે એટલે ગુરુ જ છે. ભગવાન બુદ્ધે અપ્પ દીપો ભવ કહી પોતે જ પોતાના ગુરુ થવાની વાત કરી પણ અંદરના દરવાજા ઉઘાડી આપે એવી કૂંચી તો કોઈ પહોંચેલી હસ્તી પાસેથી જ પ્રાપ્ત કરવી રહી. એટલે જ બૈજુ હરિદાસનાં દર્શન કરવા તલસે છે અને ગુરુ વગર જ્ઞાન ક્યાંથી મેળવી શકીશ - એવો એના ગુરુને તેમજ પોતાની જાતને સવાલ કરે છે. આષાઢી પૂર્ણિમા એ ભગવાન વેદવ્યાસનું પ્રાગટ્ય પર્વ હોઈ સનાતન ધર્માવલંબીઓ એને ગુરુ પૂર્ણિમા તરીકે ઊજવે છે. વ્યાસે વેદોના ચાર ભાગ સુલભ કરી આપ્યા છે; મહાભારત જેવું વિશ્વનું સદાબહાર અને સૌથી મોટું મહાકાવ્ય આપ્યું છે તો વળી ભાગવત સહિત પુરાણોની રચના કરીને માનવજાતને ન્યાલ કરી દીધી છે. વ્યાસ ન હોય તો કૃષ્ણને ઓળખાવત કોણ ? ઈશ્વર સુધી આંગળીને વળગાડીને લઈ જાય તે સાચો ગુરુ. વિવેકાનંદને વિવેકાનંદ બનાવ્યા રામકૃષ્ણ પરમહંસે. આપણી સંસ્કૃતિમાં ગુરુને માતાપિતા અને રાજા કરતાં પણ ઊંચું સ્થાન અપાયું છે. ગુરુ સાથે લોહીની સગાઈ નથી એટલે ગુરુપૂજા માટેનો દિવસ નિર્ધારિત કરવો પડ્યો છે. આપણી સંસ્કૃતિમાં માતાપિતા તો આજીવન સાથે જ રહે એળી વ્યવસ્થા હોઈ પશ્ચિમની જેમ 'મધર્સ ડે' કે 'ફાધર્સ ડે' ની જરૂર નહોતી. બહેન પારકે પાદર વળાવવી પડતી હોઈ એના માટે જરૂર રક્ષાબંધન અને ભાઈબીજ જેવા 'સિસ્ટર્સ ડે' નક્કી કરાયેલા છે. પશ્ચિમમાં 'પ્રીચર' અને 'ટીચર' જુદા છે. આપણે ત્યાં એવો અલગાવ નહોતો. વિદ્યાર્થી જેના ગુરુકુળમાં ભણતો તે એનો ગુરુ ગણાતો. રાજાઓ પણ રાજગુરુને પૂછીને પાણી પીતા. કુમળા તરુણો - રામ અને લક્ષ્મણને વિશ્વામિત્રે દશરથ રાજા પાસેથી માગી લીધા ત્યારે રાજગુરુ વસિષ્ઠે અવઢવમાં પડેલાં રાજાને કહ્યું કે મોકલી દો! આ હતો ગુરુનો મહિમા. વિદ્યાગુરુની કાળક્રમે દુર્દશા થઈ છે અને એટલે જ આપણે કોઈ અર્જુન કે કર્ણ અથવા એકલવ્ય નથી પકવી શકતા. ગુરુએ પણ ગુરુપણું સાચવવું જોઈએ. દ્રોણ એ નહોતું સાચવી શક્યા. એથી શિષ્ય વખણાયો, ગુરુ નિંદાયા. સાચો ગુરુ હંમેશાં શિષ્ય પોતાનાથી સવાયો થાય એવું જ ઈચ્છે. આધુનિક વિજ્ઞાનગુરુ વિક્રમ સારાભાઈની પ્રેરણાથી આપણને એક મહાન શિષ્ય મળ્યા : એપીજે અબ્દુલ કલામ ! એમના બાળપણના વિદ્યાગુરુએ એમને ઊડવાની પ્રેરણા આપેલી. બાળવયે આવું પ્રોત્સાહન સાંપડે તો માછીમારનું સંતાન પણ રાષ્ટ્રપતિ બની શકે છે!

એલર્જીની રસી હોઇ શકે ?

એલર્જીની રસી હોયતો એ ઈન્જેકશન વાળી હોય ● એલર્જી છે કે નહીં એના ટેસ્ટ ૧૦૦% સાચા હોય છે?

તન દુરસ્તી
મહેન્દ્ર ગજ્જર

આજે ડાહ્યાલાલ ગાંડાલાલ બંને ખૂબ જ ઉત્સાહમાં હતા. ડાહ્યાલાલે બોલવાનું શરૂ કર્યું. ગાંધીનગરમાં કોરોનાનો એક પણ ટેસ્ટ હમણાંથી પોઝીટીવ નથી આવયો. ગાંડાલાથી રહેવાયું નહીં.. એટલે બધાં જ ટેસ્ટ નેગેટિવ છે એનો અર્ત એવો થાય કે હવે કોરોના જતો રહ્યો ? ડાહ્યાલાલ બોલ્યાં એનો અર્થ એવો થાય કે હવે કોરોના કંટ્રોલમાં છે. પણ રોજ રોજ નવું નવું આવતું જાય છે. કોરોના પૂરો નથી થયો ત્યાં પાછો મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયા સાથે સાથે ટાઈફોઈડના કેસ પણ જોવા મળે છે. સમજાતું નથી શું કરવું? ડાહ્યાલાલે કહ્યું હવે તો મેલેરિયા PCR, ડેન્ગ્યુ, PCR,અને ચિકનગુનિયા PCR તથા કોરોનાના ટેસ્ટ ગાંધીનગરમાં થાય છે. એટલે તાવ એટલે મેલેરિયા PCR, ડેન્ગ્યુ PCR અને ચિકનગુનિયા PCR કરાવી લેવો જોઈએ. કારણ કે જો ટેસ્ટ ન કરાવો તો બધી જાતની દવાઓ ખાવી પડે. મેલેરિયાની દવા ઓખાવાની, ટાઈફોઈડની દવા ખાવાની, ચિકનગુનિયા અથવા ડેન્ગ્યુને લગતી દવા ખાવાની આ બધાં અંધારામાં તીરની જેમ શરીરમાં નાંખવું એનાં કરતાં ટેસ્ટ કરાવીને સમજી વિચારીને તમારા ડૉક્ટરને પૂછીને શરીરમાં દવા ખાવામાં હીત છે.

ગાંડાલાલ બોલ્યા... યાર! હમણાં એવું સાંભળ્યું છે કે કોરોના પછી શરીરમાં એલર્જી થવાનાં કેસ વધારે પ્રમાણમાં જોવા મળે છે. ડાહ્યાલાલ બોલ્યાં, ગાંડાલાલ એલર્જીના ટેસ્ટ બે પ્રકારની થાય છે. લોહીમાંથી બધી એલર્જીના ટેસ્ટ બે પ્રકારથી થાય છે. લોહીમાંતી બધી એલર્જીના ટેસ્ટ નથી થતા. પહેલાં તો લોહીમાં એલર્જી છે કે નહીં માટેનો આવતો. લોહીનો ટેસ્ટ IGE Level નામનો ટેસ્ટ કરાવી લેવો જોઈએ. જો IGE વધારે હોય તો તમને એલર્જીની શક્યતાં છે. આ પરિસ્થિતિમાં Skin Preek Test કરાવી લેવો જોઈએ. જેમાં ૧૫૦ જાતની વસ્તુઓનાં જુદાં જુદાં ટેસ્ટ કરાવવામાં આવે છે. જેમાં ૧૫૦જાતની વસ્તુઓનાં જુદાં જુદાં ટેસ્ટ કરાવવામાં આવે છે. ગાંડાલાલ બોલ્યા... આ સ્કિન પ્રિંક ટેસ્ટ થાય કેવી રીતે ? ડાહ્યાલાલ બોલ્યાં આ સરસ પ્રશ્ન છે. સામાન્ય રીતે આ ટેસ્ટ ENT ના ડૉક્ટર પાસે એટલે કે આંખ, કાન, ગળાનાં ડૉક્ટર કરતાં હોય છે. ગાંધીનગરમાં પણ આ ટેસ્ટ શક્ય છે. ૧૫૦ જેટલી ખાવા પીવાની વસ્તુના ટેસ્ટ થતાં હોય છે. જેમાં ખાવા પીવાની વસ્તુઓ, ઝાડ, પાન અને પ્રાણીઓનાં બળની એલર્જી પણ જોઈ શકાય છે? ડાહ્યાલાલે કહ્યું, હાં, લોહીમાંથી દવાની એલર્જી અને સુગંધિત પધાર્થોની એલર્જીનો ખ્યાલ આવે છે પણ એ ૧૦૦% સાચું હોતું નથી. જ્યારે સ્કિન પિંક ટેસ્ટમાં ૧૦૦% એલર્જી છે કે નહીં એની ખબર પડતી હોય છે.

ગાંડાલાલે પૂછ્યું એ ખબર કેવી રીતે પડે? ડાહ્યાલાલે કહ્યું એમાં ૧૫૦ જેટલાં કુદરતી એલર્જન સમાવી લેવાયા છે. તમારા દર્દીના હાથ ઉપર ૧૫૦જેટલાં નાનાં નાનાં ટાંકણી વળે કાણાં પાળી તેમાં કિટમાંથી જુદાં જુદા ૧૫૦ એલર્જન ટાંકણી વળે નાખવામાં આવે છે. જે વસ્તુની તમને એલર્જી હોય એનું નાનું રિએકશન હાથ પર આવે છે. જેની અસર શરીર પર નથી થતી. દસેક મિનિટમાં ખ્યાલ આવી જાય છે કે દર્દીને શેની એલર્જી છે. આ બધી જ પ્રક્રિયામાં એક કલાક કરતાં ઓછાં સમયમાં તમે જાણી શકો છો કે તમને શેની એલર્જી છે. ગાંડાલાલ બોલ્યા, શેની એલર્જી છે એ જાણવાથી શું લાભ? એનાથી દર્દીને કંઈ ફરક પડતો નથી. અમે એવું સાંભળ્યું છે કે એની કોઈ દવા હોતી નથી. જેની એલર્જી હોય તે વસ્તુ તમારે ન લેવી. ધારો કે ફૂગની એલર્જી હોય તો તમારે આથો આવેલી વસ્તુઓ ન ખાવી જોઈએ. એટલે કે અથાણાં, ઢોકળાં વગેરે વસ્તુઓ ન ખાવી. ગાંડાલાલ બોલ્યા, ધારો કે કોઈને બાજરી અને ઘઉંની એલર્જી આવે શું કરે ? બંને ખાવાનું બંધ કરી દો તો માણસ જીવી કેવી રીતે? ખરેખર તો જીવવા માટે જમવાનું હોય પણ લોકો ખાવા માટે જીવતા હોય છે. એમને તો બહુ તકલીફ પડે ? ડાહ્યાલાલે કહ્યું આ સ્કિન પ્રિંક ટેસ્ટવાળા જે એલર્જી હોય તેની વેક્સિન બનાવતાં હોય છે અને આ વેક્સિનનાં ઈન્જેકશનની ટીપાં પણ સ્વરુપે હોય છે. એટલે એને લેવામાં પણ સહેલું હોય છે.

છ મહિના કે ૧૨ મહિના આ વેક્સિન લેવાથી કાયમ માટે તમારી એલર્જી નાબૂદ થઈ જાય છે. ગાંડાલાલ બોલ્યાં, વાહ ભાઈ વાહ....! મજા પડી ગઈ. જેણે એલર્જી હોય તો આ કરવું જોઈએ.

મો. ૯૮૨૫૫૮૩૮૯૮

કચ્છ તથા ઝાલાવાડના સમર્થ સપુતો : સરદારસિંહ રાણા તથા શામજી કૃષ્ણવર્મા

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

એ એક યોગાનુયોગ છે કે લગભગ કાયમી ધોરણે પાણીની અછત ધરાવતા ઝાલાવાડ અને કચ્છમાં 'પાણીદારલ્ય માનવીઓના ઉજળા ઈતિહાસ ઊંડા ધરબાઈને પડેલા છે. સ્વામી વિવેકાનંદને પણ જે રાજ્યમાં પોતાનો વિચાર-વિસ્તાર કરવાની તક મળી તેજ લીંબડી (જિ.સુરેન્દ્રનગર) રાજ્યમાં સરદારસિંહનો પણ જન્મ થયો. સરદારસિંહ રાણા તેમજ શામજી કૃષ્ણવર્માના પાત્રો આજના યુગમાં અલ્પનીય લાગે તેવા અદ્‌ભૂત છે. છતાં પણ એ નક્કર હકીકતો તથા વાસ્તવિક ઘટનાઓથી કંડારાયેલા શિલ્પો સમાન છે.

વસંતના વધામણા જેમ કવિઓએ મનમૂકીને કર્યા છે તેવીજ રીતે અને તેટલીજ ઉત્કટતાથી દેશભક્તોએ – ક્રાંતિકારીઓએ શહાદતની – આત્મ સમર્પણની વસંતને ખોબે અને ધોબે વધાવી છે.

ઈસી રંગમે વીર શિવા ને
મોં કા બંધન ખોલા
યહી રંગ હલ્દી ઘાટીમેં
ખુલકર ઉસને ખોલા
ઈસી રંગ મે રંગ રાણાને
જનની જય જય બોલા.....
મેરા રંગ દે બસન્તી ચોલા.

શબ્દોમાં ઘૂંટાઈને પ્રગટતું વીરતત્વ કોઈ ગિરીશ્રુંગ સમાન ઝળકયું છે. આજ વીરતાના વાઘા સ્વેચ્છાએ પહેરીને કેટલાયે દેશપ્રેમીઓએ પોતાની વ્યક્તિગત મહત્વાકાંક્ષા પૂરી કરવાને બદલે માતૃભૂમિની મુક્તિમાંજ જીવનનું સર્વોચ્ચ શ્રેય ગણ્યું છે. કચ્છના ક્રાંતિવીર શામજી અને સરદારસિંહની જોડીએ માતૃભૂમિની મુક્તિ માટેની લડતને અસરકારક દીશા આપી હતી. લીંબડી રાજ તળેના નાના ગામ કંથારિયામાં સરદારસિંહ રાણાનો જન્મ રામનવમીના (એપ્રિલ ૧૮૭૦) શુભ દિવસે થયો હતો. ભગવાન રામે જેમ આસુરી તત્વોનો નાશ કરવા ધર્મયુધ્ધ કર્યું હતું તેજ પ્રકારે એક શોષક તથા બીન સંવેદનશીલ રાજ્ય વ્યવસ્થાનો અંત લાવવા સરદારસિંહજીએ સમગ્ર જીવન સમર્પિત કર્યુ હતું. કંથારીયાની શાળામાં તેમણે પ્રાથમિક શિક્ષણ મેળવ્યું. રાજકોટની આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં પણ તેમનો અભ્યાસ થયો. આજ સ્કૂલમાં મહાત્મા ગાંધી પણ ભણ્યાં હતાં. લીંબડી રાજ્યની ઉદાર સખાવતથી મુંબઈની એલફિન્સ્ટન કોલેજમાં દાખલ થયા. લીંબડી રાજના તે સમયના રાજવી શ્રી જસવંતસિંહજીની એ ઉદારતા તથા દીઘર્દ્રષ્ટિ હતી કે તેમણે એક આશાસ્પદ તથા હોનહાર યુવાનની કારકિર્દી ઘડવામાં મદદ કરીને સરવાળે દેશ સેવાનું મહત્વનું કાર્ય કર્યુ. ત્યારબાદ શ્રી રાણા પુણેની ફર્ગ્યુસન કોલેજમાં જોડાયાં.

સરદારસિંહ રાણાના સાથી તેમજ ક્રાંતિના માર્ગે માભોમને મુક્ત કરવાના માર્ગે સમગ્ર જીવન ન્યોછાવર કરનાર પંડિત શામજી કૃષ્ણવર્માની વાત પણ સદારસિંહ રાણાની વીરગાથા સાથે પ્રસ્તુત તથા પ્રાસંગિક છે. સામાન્ય કુટુંબમાં જન્મ લેનાર માટે પણ બાવડાના બળે તથા દ્રઢ નિશ્ચયના સહારે જીવનમાં મહાન સિધ્ધિઓ પ્રાપ્ત કરવાની તકો રહેલી છે તે વાત શામજીના કિસ્સામાં ફરી માનવી પડે. પિતા ભૂલા ભણસાલી અતિશય મહેનત-મજૂરી કરીને બે છેડા ભેગા કરી શકતા હતા. માંડવી (કચ્છ) જેવા ગુજરાતના છેવાડે વસેલા નગરમાં શામજીનો જન્મ એ દરેક અર્થમાં એક ઐતિહાસિક ઘટના હતી. ૧૮૫૭ માં શામજીનો જન્મ થયો. જ્યારે સમગ્ર દેશમાં પૂર્વ આયોજન સાથે અનેક રાજ્યો તથા પ્રતાપી વ્યક્તિઓએ અંગ્રેજો સામે વિપ્લવનો ગગનભેદી નાદ ગજાવ્યો હતો. શામજીએ જન્મ લેતાની સાથેજ સ્વતંત્ર થવા મથતા લોકોના લોહી પસીનાની સુગંધ લીધી હશે તેમ જરૂર કહી શકાય. વાતાવરણ અંગ્રેજોના નિર્ણયાત્મક પ્રતિકારની ભવ્ય પળોથી છલોછલ હતું. શામજીના માતા તેમને નાની વયના છોડીને સ્વધામ ગયા. પિતાએ બાળકનું હીર પારખીને ભૂજ ભણવા મોકલ્યા. જ્ઞાનપિપાસા અને દ્રઢ મનોબળના સોનેરી અણસાર શામજીના પરિચયમાં જે કોઈ આવે તે સ્પષ્ટ રીતે તેમનામાં જોઈ શકતા હતા. મૂળ કચ્છના પણ કચ્છી ખમીર તથા આવડતના જોરે મુંબઈ જઈને લક્ષ્મી પ્રાપ્ત કરનાર શ્રેષ્ઠી મથુરદાસ લવજી શામજી ભણતા હતા તે શાળામાં આવ્યા. શ્રીમંતની ઝીણી - અનુભવી નજર શામજીને ટૂંકા વાર્તાલાપમાંજ પારખી ગઈ. મુંબઈની પ્રસિધ્ધ વિલ્સન સ્કૂલમાં ભણવાનો તથા મુંબઈમાં રહેવાનો સઘળો ખર્ચ આ શ્રેષ્ઠીએ આનંદથી ઉઠાવ્યો. શામજી માટે એક નવી દિશા ખૂલી ગઈ. તેઓએ સંસ્કૃતમાં પણ નોંધપાત્ર જ્ઞાન પ્રાપ્ત કર્યું. ૧૮૭૪ ના વર્ષમાં શામજી એક પ્રતિભાવંત ગુજરાતમાં જન્મેલા સંત મહર્ષિ દયાનંદના સંપર્કમાં આવ્યા. સ્વામીજીએ શીખ આપી કે ભગવા પહેરી સન્યાસી થવાની જરૂર નથી. પરાધિન દેશની બેહાલ દશા સુધારવાના કામમાં જીવન અર્પણ કરવા તેમણે શામજીને પ્રેરીત કર્યા. મહર્ષિ દયાનંદ એક ભગવા વસ્ત્રોમાં ઢંકાયેલા સન્યાસી હતા પરંતુ હાડોહાડ ક્રાંતિકારી તથા નૂતનયુગને પારખી લેનાર ક્રાંતદ્રષ્ટા હતા. સ્વામીજીની શામજીને અપાયેલી આ શીખ તત્કાલિન સમય માટે પ્રથમ અગ્રતા હતી.

પંડિત શામજી કૃષ્ણવર્મા, સરદારસિંહ રાણા તથા મેડમ કામા (ભિખાઈજી કામા)એ દેશની ધરતીથી દૂર, અજાણી તથા પ્રતિકૂળ પરિસ્થિતિમાં દેશને આઝાદી મળે તે માટેના પ્રયાસો સતત ચાલુ રાખ્યા. શામજીની સક્રિયતા તથા ઈન્ડિયા હાઉસની પ્રવૃત્તિના માધ્યમથી ક્રાંતિકારીઓનું એક જૂથ પણ બન્યું. આ રીતે એક આયોજિત સમુહશક્તિનું નિર્માણ કરવાનું તેમનું સ્વપ્ન તેઓ સિધ્ધ કરતા જતા હતા. વિદેશમાં રહીને પત્રકારત્વમાં પહેલ કરવાની બાબતમાં પણ શામજી સૌના અગ્રજ બન્યા. પંડિત શામજી કૃષ્ણવર્માનું ઈન્ડિયન સોસીઓલોજીસ્ટ તેનું જ્વલંત ઉદાહરણ છે. લગભગ ત્રણેક દાયકા સુધી (૧૮૯૭ થી ૧૯૩૦) શામજી તેમજ સરદારસિંહ રાણા સહિતના અન્ય સાથીઓએ દેશની ગતિવિધિઓ સાથે આંતરરાષ્ટ્રીય સ્થિતિ પર પણ નજર રાખીને દેશના મુક્તિ સંગ્રામને બળ પૂરું પાડ્યું.

શામજી તથા સરદારસિંહ જેવા નાયકો આપણાં સદાકાળના હીરો છે. તેમના વિશાળ દ્રષ્ટિકોણ, ઉત્તમ ભાવનાઓ તેમજ તે ભાવનાઓને ગમે તે ભોગે કાર્યાન્વિત કરવાની શક્તિની વાતો આપણાં સમગ્ર સમાજની અમૂલ્ય ધરોહર સમાન છે. તેમના જીવનની ઝાંખી આપણાં યુવક – યુવતીઓ માટે સદાકાળના આદર્શ સમાન છે. આ વિચારોના પ્રસાર માટે આ મહાપુરૂષોના જીવનની કિતાબો યુવાનો સમક્ષ ખોલવાનું કાર્ય મહત્વનું છે. રોલ મોડેલ શોધવાના પ્રયાસો કરનારા આપણાં યુવાધન માટેના આ યુગપુરૂષોના જીવન જીવંત તથા આદર્શ સ્રોત સમાન છે.

છે સલામત આમ ચોમાસું છતાં...છેતરે વરસાદની એકાદ પળ..!

સંવેદનનું સ્ટેટસ
રમેશ ઠક્કર

શ્રાવણી સાંજે કદી કદી ખીલી ઉઠતી સંધ્યા એ કુદરતનો કરિશ્મા છે... મેઘધનુષનો મુગટ એ અંબરના સ્વયંવર જેવો હોય છે...ગામડાઓમાં લોકો નિરાંતે આ બધું જોતા... શહેરને એવી પરવા હોતી નથી... મારા જેવો કોઈ રડયોખડયો આગંતુક આકાશને ફંફોસે તો લોકો માટે જોણું જ થાય..! આકાશ આમ પણ એક અજુબો છે.. આપણે સહુ મોબાઈલની મસ્તીમાં નતમસ્તક હોઈએ છીએ... આભને નીરખવા ઉન્નત મસ્તક બનવું પડે છે..વરસાદની હેલી પછી ઉઘાડ પામતું આકાશ નવજાત શિશુ જેવું અનાવૃત અને એટલે જ અજાયબ લાગે છે...

ચોમાસાની ત્રમઝટ પછી ઉફાન ઉપરથી ઉતરતી બનાસ..અને કામલપુર ગામની આથમણી સાંજે ખીલતી સંધ્યા..આભલાનો એ ગેરૂઓ રંગ.. છેક નકલંક મહારાજની ફરફરતી ધજા સુધી ફેલાઈ જતો.ત્યારે ગામ પણ એક નવો ઉઘાડ પામતું..ગામડાનું વળગણ એ ગળપણથી કમ નથી હોતું... કોણ જાણે કેમ વરસાદ વિશે લખતાં લખતાં મને ઘણીવાર કાકાસાહેબ કાલેલકર હોવાનો વહેમ થઈ જાય છે..! 'ચોમાસી સંધ્યા' નામના નિબંધમાં જુઓ એમનું વર્ણન... 'કાલ સાંજનો સૂર્યાસ્ત જોવા જેવો હતો..વાદળાં કેવળ ચાંદીનાં હતાં..તેમના ઉપર સોનાનો ઢોળ ચડાવવા જેટલું મોડું થયું ન હતું..પણ વર્ષાઋતુ હોઈ એ સજલ હતાં..સૂર્યનાં કિરણોને કેમ નચાવવાં તેની કલા તેમને જન્મથી જ અવગત... પ્રથમ ક્ષણમાં તો સૂર્ય સંન્યાસ લીધેલા કોઈ સમર્થ પુરૂષ જેવો પ્રભાવ શાળી પણ પ્રભા વિહીન લાગતો હતો.' કાકાસાહેબ પાસે શબ્દોનો જાણે કેમેરો હતો..આપણે પણ ઈચ્છીએ તો મોબાઈલના કેમેરામાં આવાં દ્રશ્યો કંડારી શકીએ. ચોમાસી સંધ્યાનું સૌંદર્ય એ આકાશનો આગવો વૈભવ છે..એ અવ્યક્ત જ હોઈ શકે..પગરવ વગરની ભૂમી જેવો. આકાશ પોતે જ એક કોયડો છે અજાયબીનો..એને જોવા પણ સદભાગ્ય જોઈએ...મનહર મોદી સરસ લખે છે.

'તારો વિશેષ સ્પર્શ ફરી માણવા મળે
આકાશ હોય આંખમાં ને ચાલવા મળે !'

આખું આકાશ આંખમાં આંજવાની નેમ ભલે કદાચ ના હોય પણ આકાશનો એકાદ પણ ભુરો ટૂકડો કે ચકચકતું એકલદોકલ ચાંદરણું તો જોઈ જ શકાય..એટલામાં પણ આકાશનો દબદબો જોઈ શકાય છે..મહેશ યાજ્ઞિકની જેમ મને પણ ઘણીવાર કહેવાનું મન થઈ જાય છે..

'સાવ ઉઘાડું આભ ને સામે ઝરણા જેવી કેડી
આખ્યા આ પર્વતની સાથે સીમ લીધી મેં તેડી!'

સીમને શોધવી હોય તો આભને ઉખેળવું પડે... વરસાદ જયારે વિરામ લે છે ત્યારે ગગનનો એક આગવો મિજાજ પ્રગટતો હોય છે... આભને કોઈ ટેકો નથી .ક્ષિતીજો એ કોઈ માપદંડ નથી એની અસીમતાને પામવાનો.. 'ભૂરૂં છે નભ સ્વચ્છ સ્વચ્છ દીસતી એકેય નથી વાદળી..' એવું નીરખવાની 'કલાપી' દ્રષ્ટિ થોડુંઘણું એને પામી શકે..બાકી પ્રગાઢ આભને આશ્લેષમાં લેવાનું ગજું જેવા તેવાનું નથી..ચોમાસાના ઈન્ટરવલમાં આભની અવનવી છટાઓ માણી લેવી એ પણ મોકો છે પ્રકૃતિના પુરા પિકચરને માણવા માટેનો આકાશ ઘનઘોર હોય એ થોડોક સમય ગમે... ક્યારેક ઉઘાડ પણ આત્મીય સ્વજન જેવો લાગે છે... ઝરમરનો ઝણઝણાટ પણ અલ્પ સમય ગમે..જો એ લંબાય તો બેચેન કરી જાય...માણસની તડકાની આત્મીયતા અનોખી હોય છે... એના વગર લાંબો સમય જીવવું સહજ નથી હોતું..વરસાદ અને વહુ માટે જગતના બે માપદંડો હોય છે..વહુ કામ કરવાવાળી હોય તો પણ સાસુને ના ગમે..અને જો કામકાજમાં સુસ્ત હોય તો પણ એનું આવી બને... વરસાદ જો વિલંબ કરે તો પણ માણસો કકળાટ કરી મુકે..આપણી અનેક યાચનાઓ અને કાકલૂદી પછી એ મન મુકીને વરસવા માંડે તો શરૂઆતમાં આપણે હરખાઈ જઈએ પણ એ જો મુકામ લંબાવે એટલે આપણો અણગમો શરૂ..! આપણે મહિના